# હત્યા માટે ઘડાયેલું આ એક સરકારનું કાવતરૂં : મેવાણી

## દલિત સમાજ દ્વારા મેવાણીને વાય કેટેગરીની સુરક્ષા આપવા માંગ : ધમકી પ્રશ્ને હાર્દિક, અલ્પેશ સહિત નેતાઓનું મૌન

અમદાવાદ,તા.૮

ગુજરાતનાં દલિત યુવા નેતા અને વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીને સતત જાનથી મારી નાંખવાની ધમકીઓ મળી રહી છે. મેવાણીને ફોન પર મેસેજ અને ફોન કરીને ધમકીઓ આપવામા આવી રહી છે. ફોન અને મેસેજ કરીને ધમકીઓ આપનાર પોતાને અંડરવર્લ્ડ ડોન રવિ પુજારી બતાવી રહ્યો હોવાનો દાવો મેવાણીએ કર્યો છે. જીજ્ઞેશ મેવાણીએ ટ્વીટ કરીને આ વિશે જાણકારી આપી છે અને કહ્યું છે કે, સતત ત્રીજા દિવસે તેને જાનથી મારી નાંખવાની ધમકીઓ મળી રહી છે. સાથે સાથે મેવાણીએ ભાજપ પર ગંભીર આરોપી લગાવ્યો છે કે, તેની હત્યા માટે આ ઘડાયેલું એક સરકારી કાવતરૂં છે કારણ કે, તેના મોતથી ભાજપનું કામ સરળ થઈ જશે. જીજ્ઞેશ મેવાણીના આ ગંભીર આરોપોને પગલે ફરી એકવાર ગુજરાતનું રાજકારણ ગરમાયું છે., બીજીબાજુ, મેવાણીને મળી રહેલી જાનથી મારી નાંખવાની ધમકીઓ અંગે પાટીદાર નેતા હાર્દિક પટેલ, ઓબીસી નેતા અને કોંગ્રેસ અગ્રણી અલ્પેશ ઠાકોર સૂચક મૌન સેવતાં તેને લઈને પણ ભારે ચર્ચા ચાલી છે.

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબબ, જીજ્ઞેશ મેવાણીને પ્રથમ ધમકીભર્યો ફોન તા.૬ઠ્ઠી જુને આવ્યો હતો. જેમાં ફોન કરનાર પોતે રવિ પુજારીએ ઓસ્ટ્રેલિયાથી તેને કોલ કરીને ગોળી મારવાની વાત કરી હતી. ત્યાર બાદ સતત ત્રીજા દિવસે શુક્રવારે પણ જીજ્ઞેશનાં મોબાઈલ પર ધમકીભર્યો મેસેજ અને કોલ આવ્યો છે. ખુદ રવિ પુજારી તરીકે પોતાની ઓળખ આપનાર વ્યક્તિ કહ્યું કે,''તે મેસેજ જોયો હું રવિ પુજારી બોલી રહ્યો છું ઓસ્ટ્રેલિયાથી. મેં તને મેસેજ કર્યો છે તે જોઈ લે પછી તને ફોન કરૂ છું.' જીજ્ઞેશને મોકલેલા મેસેજમાં લખ્યું છે, આ જે પ્રોવોકેટિવ સ્પિચ છે, તે આપવાનું બંધ કરી દે. નહી તો ઠોકી દઈશ. ઉમર ખાલિદ પણ મારી હિટ લિસ્ટમાં છે. આ મારા તરફથી ચેતવણી છે. માફીયા ડોન રવિ પુજારી.' જીજ્ઞેશે પોતાના ટ્વીટર હેન્ડલ પર બંન્ને નંબરો શેર કર્યા છે, જે નંબરો પરથી તેને મેસેજ અને કોલ આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, સતત ત્રણ દિવસોથી જીજ્ઞેશને રવિ પુજારીનાં નામથી ધમકીભર્યા મેસેજ અને ફોન આવી રહ્યા છે. જીજ્ઞેશે શુક્રવારે આવેલા ધમકીભર્યા કોલ બાદ ટ્વીટ કરીને કહ્યું,'મને મળી રહેલી ધમકીઓ એક સરકારી કાવતરૂં છે ? કારણ કે જો કોઈ રવિ પુજારી મને મારી નાંખે તો ભાજપાનું કામ સરળ થઈ જશે. આંબેડકરવાદી આંદોલન પર હુમલાની આ ચાલ છે'. બીજીબાજુ, જીજ્ઞેશને મળી રહેલી ધમકીઓનાં પગલે દલિત એક્તા મંચે જીજ્ઞેશ મેવાણીને વાય કેટેગરીની સુરક્ષા આપવાની માંગણી કરી છે. તો સાથે સાથે ગુજરાતનું રાજકારણ પણ વધુ ગરમાયું છે.

# પોશીના તાલુકાના અપડાઉન કરતા તલાટીઓથી પ્રજા પરેશાન

ખેડબ્રહ્મા,

ખેડબ્રહ્મા તાલુકામાથી વિભાજન કરીને ત્રણ વર્ષ જેવો સમય વિતી ગયો છે હજુ સુધી ત્યાના રેગ્યુલર તલાટી કમ મંત્રીઓ ૫૦થી સૌ કીલોમીટરથી અપડાઉન કરી રહ્યા છે માત્રને માત્ર કોન્ટ્રાકટરો માટે આવે છે તેવુ લાગી રહ્યુ છે અને નીકળી જાય છે હાલમાં શાળા કોલેજને લગતા દાખલા કઢાવવા અરજદારોને ધરમ ધક્કા ખાઈ રહ્યા છે. ગરીબ આદિવાસી પ્રજાનો સમય પૈસા બધુ વ્યર્થ જાય છે રાજકીય પક્ષો પોતાના રોટલા શેકવાના બદલે માત્ર ઉઘડતી શાળાએ કોઈ પણ વ્યક્તિને ઝડપી કામગીરી મળી રહે તેવી માંગ ઉઠવા પામી છે.

# ધાનેરામાં ઠેર-ઠેર ચાલી રહેલ વરલી-મટકાનો ધંધો

## ભારત ૨૧મી સદીમાં જઇ રહ્યો છે ત્યારે વરલી મટકાવાળાઓને કાયદાની પરવા નથી

ધાનેરામાં બસસ્ટેન્ડ તેમજ અન્ય જગ્યાઓ પર વરલી મટકાનો ધંધો ચાલી રહ્યો છે આમાં ગરીબ પ્રજા પોતે લાલચમાં આવીને જે મુડી છે તે પણ ખોઈ રહી છે વારંવાર રજુઆતો થાય છે અને રેડ પડે છે ત્યારે બંધ થઈ જાય છે ફરી માથું ઉચકીને લોકોને પાયમાલ કરવાનો ધંધો ચાલું થઈ જાય છે મટકા ચલાવનાર ને પુછતાં જણાવેલ છે કે અમને કોઈ ડર નથી અને અમોને કોઈ ફેર પડવાનો નથી. આ વરલી-મટકા ચલાવનારને થોડા દિવસ જેલમાં રાખવામાં આવે અને મેથીપાક આપવામાં આવે તો સીધા થાય તેવું લાગે છે આ લોકો ને કાયદાનો કોઈ ડર નથી અને ખુલ્લે આમ જુગાર ખેલાવી રયા છે આવાં તત્વો ને કડક હાથે કામ લઈ જેલનાં સળીયા પાછળ ધકેલાય તેવી પ્રજા ની માંગ છે.

# ભિલોડા સહકારી જીનના વર્તમાન ચેરમેન હિતેન્દ્રસિંહ સિસોદીયાની પેનલ બિનહરીફ

ભિલોડા,તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે આવેલ ધી ભિલોડા તાલુકા કો.ઓ.એન્ડ સેઈલ સોસાયટી લી.ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના ચેરમેન અને ભિલોડા સહકારી જીનના વર્તમાન ચેરમેન હિતેન્દ્રસિંહ એન.સિસોદીયા રાજકીય અને સહકારી આગેવાનની પેનલની બિનહરીફ સર્વાનુમતે વરણી કરાતાં ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી છે.અરવલ્લી જીલ્લા પ્રાંત અધિકારીની રાહબરી હેઠળ મામલતદારના અધ્યક્ષસ્થાને ભિલોડા સહકારી જીનમાં બિનહરીફ સર્વાનુમતે ચુંટાયેલા બોર્ડ ઓફ ડીરેક્ટરોની યાદી નીચે મુજબ છે.

## વ્યવસ્થાપક કમિટી સભ્યો

(૧) રાજેન્દ્રસિંહ એન. ભાટી-ટોરડા (૨) કાંતીભાઈ કે. બારોટ-મઉં (૩) ડાહ્યાભાઈ એસ. પટેલ-મોહનપુર (૪) હિતેન્દ્રસિંહ એન. સિસોદીયા-ભુતાવડ (૫) જેસીંગભાઈ આર.પટેલ-ખેરાડી (૬) અનોપસિંહ વી.જાડેજા-રંગપુર (૭) નાથાભાઈ જી.પટેલ-નાંદોજ (૮) દિલીપભાઈ કે.કટારા-વાઘપુર (૯) તુલસીદાસ વી.રાવલ-અઢેરા

(૧) ગલબાભાઈ એસ. પ્રજાપતી-કિશનગઢ (૨) ઈન્દ્રજીતસિંહ એ. રાઠોડ-ધંબોલીયા (૩) રઘજીભાઈ એમ. પટેલ-મુનાઈ

# પ્રાંતિજ ખાતે તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ખેડૂતોનાં સમર્થકમાં પ્રાંત અધિકારીને આવેદનપત્ર

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ ખેડૂતો ના સમર્થક માં પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત અધિકારી એ.આર.ચૌધરી ને આવેદનપત્ર



રેલી માં પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, શહેર પ્રમુખ અમરીશભાઈ પટેલ, રેખાબેન સોલંકી, તાલુકા ઉપપ્રમુખ વિષ્ણુભાઈ પટેલ, કારોબારી અધ્યકક્ષ બેચરજી રાઠોડ, તાલુકા સદસ્ય કૌશીકભાઈ પટેલ, સુરેશભાઈ સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો સહિત લોકો જોડાયાં હતાં અને પ્રાંન્ત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું.

સમિતિ દ્વારા પ્રાંત અધિકારી ને આવેદનપત્ર આપ્યું.

પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ખેડુતો ના સમર્થક માં પ્રાંતિજ રેલ્વે સ્ટેશન તાલુકા પંચાયત થી તાલુકા સેવા સદન સુધી રેલીયોજી ચાલું સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરી આપ્યું હતુ અને જણાવ્યું કે જો ખેડૂતો ને તેમનાં પોષણક્ષમ ભાવ દેવામાફી તથા પેટ્રોલ- ડીઝલના તોતિંગ ભાવ વધારો સહિત માર્ગનીઓ નહી સ્વીકારવામાં નહી આવે તો અમે આવનાર દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની સહિતની રજુઆતો કરવામાં આવી હતી તો

# ધાનેરાના અનાપુર છોટા ગામે બોલેરોની ટક્કરથી આધેડનું મોત

ધાનેરા તાલુકા ના અનાપુર ગામે બોલેરો ચાલકે આધેડ ને અડફેટે લેતા આધેડ નું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજતા અરેરાટી મચી જવા પામી છે ત્યારે આધેડ ની લાશ પીએમ અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

ધાનેરા તાલુકા ના અનાપુર છોટા ગામે રહેતા ચંદનસિંહ ધનજી દરબાર ઉ વ ૫૫ જે પોતાના ઘરે થી ખેતરે જઈ રહ્યા હતા તે સમયે બોલેરો ચાલકે પાછળ થી ટક્કર મારતા ચંદન સિંહ નું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોટ નિપજતા અરેરાટી મચી જવા પામી છે તો બીજી તરફ મૃતક ની લાશ ને પીએમ અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડી ફરાર બોલેરો ચાલક ની શોધખોળ હાથ ધરી છે.

# એક યુવતી સાથે ત્રણ યુવકો શંકાસ્પદ હાલતમાં મળી આવતા ચકચાર

## પાલનપુરના એક કોમ્પ્લેક્સમાં મોડી રાત્રે હોબાળો

પાલનપુરના બે ભાગમાં આવેલા ગોપાલ પ્લાઝા સેન્ટરમાંથી પોલીસે ગત રાત્રે એક યુવતી સહિત ત્રણ યુવકોને દુકાનમાંથી નશાની હાલતમાં બહાર લઈને સ્થાનિકોએ હોબાળો કર્યો હતો અને બહાર નીકળવા માટે કહ્યું હતું પરંતુ સમગ્ર મામલે હોબાળો થઈ જતાં આખરે પોલીસ ઘટના સ્થળે આવી હતી અને સામે ગુનો નોંધાયો છે પરંતુ સવાલ એ છે કે યુવતી ક્યાં ગાયબ થઈ ગઈ???

શહેરના પ્રતિષ્ઠિત વિસ્તારના કોમ્પ્લેક્સની દુકાનમાં



નીકાળ્યા હતા.જોકે સ્થાનિકોના હોબાળાને લઈને ઘટના સ્થળે પોલીસ દોડી આવી હતી અને ત્યારબાદ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

પાલનપુરના ગોપાલ પ્લાઝા કોમ્પલેક્ષમાં આવેલી એક સીડી રાઈડ કરતી દુકાનમાં ગતરાત્રે સ્થાનિકોએ હોબાળો મચાવ્યો હતો. ગત રાત્રે એક વાગ્યાના સુમારે દુકાનમાં એક યુવતી અને ત્રણ યુવકો હતા. જેને પોલીસને દુકાનનું શટર તોડવાની ફરજ પડી હતી અને ત્યાર બાદ આ ત્રણ યુવકો અને યુવતીને બહાર નિકાળી અને પોલીસ મથકે લઈ જવાયા હતા. જોકે આ પ્રકરણમાં યુવતી સામેલ હતી અને જે નબીરા હતા એ મોટા ઘરના હોય પોલીસ પણ ભીનુ સંકેલવા કોશિશ કરી રહી હોવાની આશંકા ઉપસ્થિત લોકોએ જતાવી હતી. ત્યારે પોલીસ મથકમાં માત્ર પ્રોહિબીશન હેઠળ ત્રણ યુવકો બનેલી આ ઘટનાને લઈને પોલીસ પર સીધા સવાલ થઈ રહ્યા છે. પોલીસે આ પ્રકરણમાં ભીનું સંકેલવાની કોશિશ કરી હોવાનું લોકોમાં ચર્ચાસ્પદ બન્યું છે. ત્રણ કલાક સુધી આ હોબાળાનો ઘટનાક્રમ ચાલ્યો હતો ત્યારે પોલીસ ફરિયાદમાં યુવતીનો ક્યાંય ઉલ્લેખ નથી અથવા યુવતી પોલીસ મથકમાં નથી આખરે યુવતી ગઈ ક્યાં એ બાબત ચર્ચાની એરણે ચડી હતી.

# ગાંધીનગર જિલ્લાના મિઝલ્સ (ઑરી) રૂબેલા અભિયાન અન્વયે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૮

ગુજરાત રાજયમાં જુલાઈ-૨૦૧૮ ઓરી અને રૂબેલા રસીકરણ ચાલુ થનાર છે. આ અન્વયે ગાંધઈનગર જિલ્લાના તમામ પ્રા. આ. કેન્દ્ર અને અર્બન તબીબી અધિકારીઓ, તાલુકા હેલ્થ અધિકારીઓ તેમજ સી.એચ.સી. અધિક્ષકો, તાલુકા હેલ્થ વીઝીટરનો સંયુક્ત વર્કશોપ તા. ૮મી જૂનના રોજ ગાંધીનગર જિલ્લાના એમ.આર. કેમ્પેઈનના નોડલ અધિકારી હરેશ નાયક તેમજ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ પટેલની અધ્યક્ષતામાં યોજાવામાં આવ્યો હતો.

આ વર્કશોપમાં મીઝલ્સ - રૂબેલા અભિયાન અન્વયે કરવાની થતી કામગીરીનું રીવ્યુ કરવામાં આવ્યું હતું. તેમજ ઝીણવટપૂર્વકનું આયોજન કરી ૧૦૦ ટકા લક્ષ્યાંક સિદ્ધ થાય તે માટે તમામ ફોર્મની વિસ્તૃત છણાવટ તથા સમજ દશ્ય - શ્રાવ્ય માધ્યમ દ્વારા આપવામાં આવી હતી.

ઓરી - રૂબેલા અભિયાન દરમિયાન કોઈ પણ પ્રકારની લાભાર્થીને આડ-અસર ન થાય તેમજ તે અંગે ઉભી થનાર પરિસ્થિતિને પહોંચી વળવા જિલ્લાના તમામ ડૉકટરો તેમજ તાલીમબદ્ધ આરોગ્ય કાર્યકરોને સુસજ્જ કરવામાં આવ્યા હતા.

ભારત સરકાર દ્વારા ૨૦૨૦ સુધીમાં ઓરી નાબૂદ કરવા અંગે અભિયાન હાથ ધરવામાં આવેલ છે. તે અંતર્ગત ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. જે રસી સંપૂર્ણ મફત આપવામાં આવશે.

૯ માસથી ૧૫ વર્ષનો એક પણ લાભાર્થી બાકી ન રહી જાય તે માટે શિક્ષકો, વાલીઓ, ધાર્મિક નેતાઓ, લોકપ્રતિનિધિઓની બેઠકો યોજવામાં આવશે, તેમજ આ કાર્યક્રમની બહોળી જનજાગૃતિ ફેલાય તે માટે તમામ પી.એચ. સી ખાતે મિટીંગ યોજવામાં આવશે.

ગાંધીનગર જિલ્લો ૧૦૦ ટકા લક્ષ્યાંક સિદ્ધ કરે, અને ઉત્તમ કામગીરી કરે તેવા સંકલ્પ સાથે વર્કશોપનું સમાપન થવા પામ્યું હતું.

# અરવલ્લી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી પરિવાર દ્વારા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરને સન્માનપત્ર એનાયત

અરવલ્લી, તા. ૮

અરવલ્લી જીલ્લા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની સ્થાપના જિલ્લાના નિર્માણ બાદ કરવામાં આવતા જીલ્લાના



પ્રજાજનોમાં આનંદ છવાયો હતો. જિલ્લામાં બ્લડ ડોનેશન કેમ્પ, થેલેસેમિયા પરીક્ષણ કેમ્પ અને થેલેસેમિયા જાગૃતિ કેમ્પ સહીત વિવિધ આરોગ્યલક્ષી કેમ્પ કરી જરૂરિયાતમંદ અને ગરીબ દર્દીઓ માટે સતત મદદરૂપ નીવડી રહી છે. અરવલ્લી જીલ્લા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા મોડાસા શહેરમાં શહેરીજનો સહીત જીલ્લાના પ્રજાજનો અને જરૂરિયાતમંદ લોકોને સસ્તા દરે લેબોરેટરી અને દવાની દુકાન મોડાસા શહેરના ડીપ વિસ્તારમાં પ્રારંભ કરવામાં આવ્યો છે.

મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે તેમની ગ્રાન્ટમાંથી ૧ લાખ રૂપિયાની ફાળવણી કરતા રેડ ક્રોસ સોસાયટીના ચેરમેન ભરતભાઈ પરમાર અને ટ્રેઝરર જીતેન્દ્રભાઈ અમીન સહીત રેડ ક્રોસ પરિવારે મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

રેડક્રોસ સોસાયટીના મંત્રી રાકેશ જોષીએ ધારાસભ્યને લોક ઉપયોગી થવા આભાર વ્યક્ત કરી વધુ ગ્રાન્ટ ફાળવવા રજુઆત કરી રેડ ક્રોસ સોસાયટીનો જીલ્લાના અંતરિયાળ વિસ્તારોના પ્રજાજનોને લાભ મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું.

# પાલનપુર સેલટેક્ષ કચેરીના જુનિયર કલાર્કે ઓ.એસ. પર હૂમલો કરતા ચકચાર

## કચેરીમાં બિભત્સ શબ્દો ન ઉચ્ચારવાનું કહેતા ઉશ્કેરાઇ ઓ.એસ. પર હુમલો : સહાયક રાજ્ય વેરા કમિશનરની કચેરી ફેરવાઈ સમરાંગણમાં

પાલનપુર ખાતે કાર્યરત સેલટેક્ષ કચેરીમાં કર્મચારીઓ વચ્ચે મારામારી થતા કચેરી



સમરાંગણમાં ફેરવાઈ હતી. જાહેરમાં બિભત્સ શબ્દો ન ઉચ્ચારવાનું કહેતા ઉશકેરાયેલા જુનિયર કલાર્કે ઓ.એસ. પર હૂમલો કરતાં ચકચાર મચી જવા પામી હતી. દરમિયાન બંનેની મારામારી નિહાળી એક મહિલા કર્મચારી બેભાન બની ગઈ હતી. જે બંનેને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પાલનપુરમાં સરકારી કર્મચારીઓ વચ્ચે મારામારીના બનાવો બની રહ્યા છે. તાજેતરમાં પાલનપુર તાલુકા પંચાયતમાં બે કર્મચારીઓ મારામારી ઉપર ઉતરી



આવ્યા હતા. જે અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. દરમિયાન બુધવારે સહાયક રાજય વેરા કમિશનર કચેરીમાં પણ બે કર્મચારી વચ્ચે લોહીયાળ જંગ ખેલાતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે હૂમલાનો ભોગ બનેલા ઓ.એસ. રામજીભાઈ પટેલે જણાવ્યું હતુ કે, કચેરીનો જુનીયર કલાર્ક સુરેશ મોદી સવારે કચેરીમાં જાહેરમાં બિભત્સ શબ્દો ઉચ્ચારતો હતો. આથી મે તેને તેમ બોલવાનું ના કહેતા ઉશકેરાઈ ગયો હતો. અને મને મારી નાંખવાની ધમકી આપી ગડદા પાટુનો મારમાર્યો હતો. જેમાં તેના હાથમાં પહેરેલા કડાની ધાર માથામાં વાગતાં લોહિલૂહાણ બની ગયો હતો.

ઘટનાને પગલે અન્ય કર્મચારીઓ દોડી આવ્યા હતા. આથી આ કર્મચારી ત્યાંથી નાસી ગયો હતો. આ માથાભારે કર્મચારી કચેરીમાં મહિલા કર્મચારીઓ સામે બિભત્સ ઈશારા કરતો હોય છે. અગાઉ પણ મારા ઉપર હૂમલો કર્યો હતો. મામલતદાર સમક્ષ તેના જામીન પણ લેવામાં આવ્યા છે. તેની બદલી કરવા માટે કમિશ્નર સહિત ઉચ્ચકક્ષાએ રજૂઆતો પણ કરી છે. ઉલ્લેખનીય છે કે, જુનિયર કલાર્ક દ્વારા હૂમલાનો ભોગ બનેલા રામજીભાઈને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જેમણે આ અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.

# બનાસકાંઠા વનવિભાગ કચેરીના હેડકલાર્કની બદલી

બનાસકાંઠા એસીબીની ટીમે તાજેતરમાં દાંતીવાડાના આર. એફ.ઓ.ને લાંચ લેતા ઝડપી લીધા હતા. જે બાદ તપાસમાં તેમના મકાનમાંથી નાણાં ભરેલા કવર મળી આવ્યા હતા. જેના ઉપર અધિકારીઓના નામ પણ લખેલા હતા. આ દિશામાં એસીબી દ્વારા તપાસ ચાલી રહી છે. ત્યારે બનાસકાંઠા ડીએફઓની બદલી બાદ હેડ કલાર્કની પણ બદલી થવા પામી છે.

બીજી તરફ એસીબીએ વનવિભાગ બરોડાના એન્જિયરો સાથે મળી બનાસકાંઠામાં ચાલતા વન વિભાગના કામોની તપાસ હાથ ધરી કવરમાં મળી આવેલા નાણાં સુધી પહોચવા તપાસ શરૂ કરતા અધિકારી- કર્મચારીઓમાં ફફડાટ પ્રસરી જવા પામ્યો છે. દાંતીવાડા નોર્મલ રેંજના ફોરેસ્ટ અધિકારી ચંદ્રકાન્ત ગણપતલાલ જોષીને તાજેતરમાં બનાસકાંઠા એસીબી પીઆઈ કે. જે. પટેલે રૂપિયા ટ્રેકટરની હેરાફેરી માટે રૂપિયા ૧૨૦૦૦ની લાંચ લેતાં ઝડપી લીધા હતા. તે વખતે ચંદ્રકાન્ત જોષીએ આ પાવડરવાળી નોટો ચાવી જવાનો પ્રયાસ કર્યો હતો. જે અંગે લાળનો ટેસ્ટ કરવામાં આવનાર છે.

### ત્રાહિમામ્... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વારંવાર વીજળી ખોરવાઈ જવા માટે જુનુ પુરાણુ વાયરીંગ પણ જવાબદાર હોવાની રજુઆતો કર્મચારીઓએ કર્યા પછી તેમાં પણ બદલાવ કરાયો હતો આમ છતાં વારંવાર ટ્રીપીંગ થતાં વીજપુરવઠો ખોરવાઈ જવા પામે છે. હવે તંત્ર વાહકો જો આ પ્રશ્ન ના ઉકેલે તો કર્મચારીઓ ના છૂટકે ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની દિશામાં વિચારણા કરી રહ્યા છે. એક તરફ વહીવટના કોમ્પ્યુટરાઈઝેશનની વાતો પર સરકાર અને સત્તાધીશો દ્વારા ભાર મુકવામાં આવે છે તો બીજી તરફ મૂળભૂત સમસ્યાઓ અને સુવિધાઓ આપવામાં ઉણપ હોવાથી કર્મચારીઓનું કામ દેખાતુ નથી તેવી ભાવના કર્મચારી આગેવાનો વ્યકત કરી રહ્યા છે.

### અસંતોષ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાલી હોદ્દાઓને ભરવા માટે કોંગ્રેસ પાર્ટીએ પોતાના તમામ વિકલ્પો ખુલ્લા રાખ્યા છે. આ જગ્યાઓને ટૂંક સમયમાં જ ભરવામાં આવશે. પાર્ટી હાઈકમાન્ડ ઉપર વિશ્વાસ રાખવા માટે કહેવામાં આવ્યું છે કે, પાર્ટીના કાર્યકરોમાં વિશ્વાસ જગાવવાની જરૂર દેખાઈ રહી છે. મુખ્યમંત્રી કુમારસ્વામીએ કહ્યું છે કે, સભ્યો નાખુશ છે પરંતુ તેમને વિશ્વાસ છે કે, કોંગ્રેસના નેતા યોગ્ય નિર્ણય કરશે. બીજી બાજુ કોંગ્રેસના ધારાસભ્ય એચએમ રેવન્નાએ કહ્યું છે કે, તેઓ ભારતીય જનતા પાર્ટીના નેતાઓ સાથે વાતચીત કરી રહ્યા છે અને ભાજપમાં સામેલ થઈ શકે છે. ભાજપ તરફથી પણ આને સમર્થન આપવામાં આવ્યું છે. ધારાસભ્યોનું કહેવું છે કે, કેસી વેણુગોપાલ અને નાયબ મુખ્યમંત્રી જી પરમેશ્વરે પોતાની ભૂમિકા યોગ્યરીતે અદા કરી નથી. આ પહેલા મંત્રીમંડળ વિસ્તરણની સાથે જ મંત્રી બનાવવાની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહેલા કેટલાક નેતાઓને ફટકો પડ્યો છે જેના પરિણામ સ્વરુપે વિરોધ પ્રદર્શન જારી છે. પાર્ટીના સુત્રોનું કહેવું છે કે, પાર્ટી હાઈકમાન્ડ વિરોધ દર્શાવનાર પર નજર રાખી રહી છે. આ ધારાસભ્યોનું કહેવું છે કે, ભાજપ સાથે વાતચીત તેમની ચાલી રહી છે. વરિષ્ઠ સભ્યોએ કહ્યું છે કે, ખાતાઓની ફાળવણીને લઈને પણ કોંગ્રેસ અને જેડીએસના ધારાસભ્યો નાખુશ છે. નારાજ થયેલા ધારાસભ્યોની બેઠક ચાલી રહી છે. જે ધારાસભ્યો નારાજ છે તેમાં એમટીબી નાગરાજ, સતીષ ઝારખોલી, કે સુધાકર અને રેશન બેગનો સમાવેશ થાય છે. ઝારખોલીએ બેઠક બાદ કહ્યું હતું કે, કેટલાક નેતા પાર્ટીને મજબૂત કરવાના પ્રયાસ બાદ પણ મંત્રીપદ ન મળવાથી નારાજ છે.

### પગાર વધી શકે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી રહી છે. કોઈ રાહત મળી શકી નથી. કેન્દ્રિય કર્મચારીઓને ગ્રેજ્યુટી મામલામાં સાતમા વેતન પંચના લાભ હજુ સુધી મળ્યા નથી.કેન્દ્ર સરકારે તેમના આવેદનપત્રને ફગાવી દીધો છે. કેન્દ્ર સરકારે એક આદેશ જારી કરીને સાફ શબ્દોમાં કહ્યુ છે કે ગ્રેજ્યુટી મર્યાદા ૧૦ લાખ રૂપિયાથી વધારીને ૨૦ લાખ રૂપિયા કરવાનો નિર્ણય જે વખતથી લાગુ થયો છે તે જ દિવસથી કર્મચારીઓને લાભ મળવાની શરૂઆત થઈ જશે. કેન્દ્રિય કર્મચારીઓની દલીલ છે કે આ પ્રસ્તાવ સાતમા પગાર પંચના એક હિસ્સા તરીકે હતો. કેન્દ્રીય કર્મચારીઓની એવી માંગ રહી છે કે, ૭માં પગાર પગારપંચના હિસ્સાના ભાગરુપે હોવાથી તેને પહેલી જાન્યુઆરી ૨૦૧૬થી લાગૂ ગણાય તેવી રહી છે.

સાતમાં પગાર પંચના લાભ કેન્દ્રિય કર્મચારીઓને પહેલી જાન્યુઆરી ૨૦૧૬થી મળ્યા હતા પરંતુ ગ્રેજ્યુએટી સાથે સંબંધિત બિલ સંસદમાં આ વર્ષે માર્ચ મહિનામાં અંતિમ સપ્તાહમાં પસાર કરવામાં આવ્યું હતું. આનો મતલબ એ થયો કે પહેલી જાન્યુઆરી ૨૦૧૬થી લઈને ૨૮મી માર્ચ ૨૦૧૮ સુધી નિવૃત્ત થયેલા કર્મચારીઓને જૂના દરથી ગ્રેજ્યુએટી મળી છે. કમિટિના રિપોર્ટ બાદથી સરકારે કહ્યું હતુ કે, આનો લાભ જૂની તારીખથી આપવામાં આવશે નહીં. લોકસભાની ચૂંટણી બિલકુલ નજીક પહોંચી રહી છે ત્યારે મોદી સરકાર જુદા જુદા વર્ગોને પ્રભાવિત કરવાની દિશામાં આગળ વધી રહી છે. આના ભાગરુપે સામાન્ય ચૂંટણી પહેલા કેન્દ્રીય કર્મચારીઓમાં પગારમાં વધારો કરવાની હિલચાલ શરૂ થઈ ચુકી છે.

### પર્દાફાશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પત્રમાં કહેવામાં આવ્યું છે કે, મોદી ૧૫ રાજ્યોમાં ભાજપનું શાસન સ્થાપિત કરવામાં સફળ રહ્યા છે જો એમ જ ચાલશે તો તમામ મોરચા પર પાર્ટી માટે પરેશાની ઉભી થઈ જશે. કોમરેડ કિશન અને અન્ય કેટલાક સિનિયર કોમરેડે મોદી રાજને ખતમ કરવા માટે કેટલાક મજબૂત પગલાનું સૂચન કર્યું હતું. રાજીવ ગાંધીની જેમ હત્યા કરવાની યોજના પર કામ કરવામાં આવ્યું હતું. પાર્ટી પ્રસ્તાવને લઈને વિચારણા કરે તેમ પણ વાત કરવામાં આવી હતી. રોડ શો દરમિયાન મોદીને ટાર્ગેટ બનાવવાની નીતિ અસરકારક બની શકે છે. પાર્ટીનું અસ્તિત્વ કોઈપણ પ્રકારના ત્યાગથી ઉપર છે. સીપીએમ મહાસચિવ સીતારામ યેચુરીએ આ સંદર્ભમાં કહ્યું છે કે, હજુ સુધી સુરક્ષા સંસ્થાઓ પોતાનું કામ કરી રહી છે. નેતાઓની સુરક્ષાની જવાબદારી તેમની જ રહેલી છે જેથી કોઈ ટિપ્પણી કરવી યોગ્ય રહેશે નહીં. મુંબઈ કોંગ્રેસના અધ્યક્ષ સંજય નિરુપમે આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, આ રિપોર્ટ સંપૂર્ણપણે ખોટા છે તેમ તેઓ કહેવા માંગતા નથી પરંતુ મોદીની આ જુની યોજના પણ રહેલી છે. જ્યારે પણ તેમની લોકપ્રિયતામાં ઘટાડો થતો હતો ત્યારે તેમની હત્યાના કાવતરાના અહેવાલ પ્રકાશિત કરવામાં આવતા હતા. આ વખતે અહેવાલ કેટલા સાચા છે તેમાં પણ તપાસ થવી જોઈએ.